શાસનની પોતાની મર્યાદાઓ હોવા છતાં વિશ્વમાં તેના પ્રત્યેનાં આદર અને શ્રદ્ધા વધ્યાં છે. લોકશાહી રાષ્ટ્રો આ શ્રદ્ધા ફળે એવો વ્યવહાર 21મી સદી શરૂ થતાં પહેલાં ગોઠવે એ અત્યંત જરૂરી છે.

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :
   1. ઝારશાસન સમયની સામાજિક અને આર્થિક સ્થિતિ વર્ણવો.
   2. રશિયન ક્રાંતિનાં કારણો જણાવો અને કોઈ એકની વીગતે ચર્ચા કરો.
   3. રશિયન ક્રાંતિનાં તાત્કાલિક કારણો જણાવો.
   4. રશિયન ક્રાંતિના બનાવોની ટૂંકમાં માહિતી આપો.
   5. રશિયન ક્રાંતિથી રશિયામાં થયેલાં પરિવર્તનોનું વિવરણ કરો.
   6. સોવિયેત સંઘના વિઘટનથી રશિયામાં થયેલા રાજકીય પરિવર્તનની માહિતી આપો.
2. ઐતિહાસિક કારણો આપી સમજાવો :
   1. ઝારના શાસનમાં વહીવટી તંત્ર શિથિલ બન્યું હતું.
   2. ઝારે પ્રજા પર આકરા કરવેરા નાખ્યા હતા.
   3. પ્રજાને જાગ્રત કરવામાં વિચારકોએ ફાળો આપ્યો.
   4. ઈ.સ. 1905માં જાપાન સામે રશિયાનો પરાજય થયો.
   5. 8મી માર્ચની ક્રાંતિને વસંત ક્રાંતિ કહેવામાં આવે છે.
   6. બીજા વિશ્વયુદ્ધ પછી કેટલાક દેશોમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ.
3. ટૂંક નોંધ લખો :
   1. રશિયન ક્રાંતિની દુરોગામી અસરો
   2. રશિયન ક્રાંતિ પર કાર્લમાર્ક્સના વિચારોની અસર
   3. રશિયન ક્રાંતિમાં લેનિનનું પ્રદાન
   4. સોવિયેત સંઘનું વિઘટન

### પ્રવૃત્તિ

(1) રશિયન સામ્યવાદી શાસનનાં વિવિધ ચિત્રો એકઠાં કરી આલબમ તૈયાર કરો. (2) કાર્લમાર્ક્સ અને લેનિન વિશે વિશેષ માહિતી પુસ્તકાલયમાંથી મેળવો. (3) ભારતના ઔદ્યોગિક વિકાસમાં રશિયાએ કયાં કયાં ક્ષેત્રે સહકાર આપ્યો છે તેની માહિતી તમારા વર્ગશિક્ષક પાસેથી મેળવો. (4) દુનિયાના રેખાંકિત નકશામાં સોવિયેત સંઘનું વિઘટન થતાં અસ્તિત્વમાં આવેલાં રાજ્યોનાં નામ દર્શાવો.



# 6 બે વિશ્વયુદ્ધો વચ્ચેનું વિશ્વ

ઈ.સ. 1919માં વર્સેલ્સની સંધિ દ્વારા પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો. યુદ્ધનું પુનરાવર્તન ન થાય અને વિશ્વમાં શાંતિ જળવાય તે માટે રાષ્ટ્રસંઘ (League of Nations)ની સ્થાપના કરવામાં આવી. છતાં માત્ર 20 વર્ષના ટૂંકા ગાળામાં વિશ્વને બીજા વિશ્વયુદ્ધનો સામનો કરવો પડ્યો. આ 20 વર્ષમાં અનેક નવાં પરિવર્તનો આવ્યાં. પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિશ્વને બીજા વિશ્વયુદ્ધ તરફ દોડી જતા મહત્ત્વના બનાવો બન્યા. જેની માહિતી અહીં મેળવીશું.

**યુરોપમાં રાજકીય પરિવર્તન :** પ્રથમ વિશ્વયુદ્ધની ઘેરી અસર યુરોપીય દેશોની આર્થિક સ્થિતિ પર થઈ. આર્થિક સ્થિતિ અત્યંત કંગાળ બની. સામાન્ય માનવીઓની મુશ્કેલીમાં વધારો થયો. બેકારી અને ફુગાવાની સ્થિતિ અસહ્ય બની. પ્રજાની સ્થિતિ સુધારવામાં તે સમયની લોકશાહી સરકારને સફળતા મળી નહિ. પરિણામે લોકશાહી શાસન પરનો પ્રજાનો વિશ્વાસ તૂટવા લાગ્યો. યુદ્ધ ચાલુ હતું ત્યારે જ રશિયામાં 'કામચલાઉ લોકશાહી સરકાર'નું પતન થયું. અહીં સામ્યવાદી શાસનતંત્ર સ્થપાયું. આ બાબત આપણે આગળનાં પ્રકરણમાં જોઈ ગયા છીએ. રશિયન ક્રાંતિની અસરથી યુરોપના અન્ય દેશોમાં ક્રાંતિઓ થઈ પણ આ ક્રાંતિઓને નિષ્ફળ બનાવવામાં આવી હતી. રશિયાને પણ રાષ્ટ્રસંઘમાં સ્થાન આપવામાં આવ્યું નહિ. અમેરિકા અને યુરોપના દેશોએ તેને રાજકીય માન્યતા આપી ન હતી. આમ છતાં રશિયા (સોવિયેત સંઘ) મજબૂત રાજ્ય બની રહ્યું હતું. પરિણામે ઇંગ્લેન્ડે તેને ઈ. સ. 1933માં રાજકીય માન્યતા આપી. ત્યાર બાદ ઈ.સ. 1934માં રશિયાને રાષ્ટ્રસંઘનું સભ્યપદ મળ્યું. રશિયાએ શરૂઆતથી જ સ્વાતંત્ર્ય ચળવળ ચલાવનાર દેશોની તરફેણ કરી હતી.

20મી સદીના પ્રારંભમાં રાષ્ટ્રવાદની ભાવનામાં પરિવર્તન આવ્યું અને સર્વગ્રાહી રાષ્ટ્રવાદ અસ્તિત્વમાં આવ્યો. નિવૃત્ત સૈનિકો અને સેનાપતિઓએ ઉગ્ર રાષ્ટ્રવાદને ઉત્તેજન આપ્યું. તેઓએ સક્રિય રાજકારણમાં ભાગ લેવાની શરૂઆત કરી. કેટલેક સ્થળે લોકજીવનની સુધારણા માટે આંદોલનો શરૂ થયાં. માનવીની યાતનાઓ તાત્કાલિક દૂર કરવા લોકશાહી સરકારો અસમર્થ રહી. આથી મહત્ત્વાકાંક્ષી સરમુખત્યારોએ આ પરિસ્થિતિનો લાભ લીધો. સૌ પ્રથમ ઇટાલીમાં ફાસીવાદ અને જર્મનીમાં નાઝીવાદી સરમુખત્યારશાહી અસ્તિત્વમાં આવી. થોડા સમય પછી યુરોપના અન્ય દેશો પોલેન્ડ, યુગોસ્લાવિયા, ઑસ્ટ્રિયા અને હંગેરીમાં લોકશાહીના સ્થાને સરમુખત્યારશાહી શાસન સ્થપાયાં.

યુરોપમાં લોકશાહી વિચારસરણી સામે સામ્યવાદ અને સરમુખત્યારશાહીએ પોતાનું વર્ચસ્વ ફેલાવવા પ્રયાસો કર્યા. આ સમયે યુરોપના બે મુખ્ય દેશો – ઇંગ્લેન્ડ અને ફ્રાંસ– આ પ્રવાહ સામે ટકી રહ્યા. યુદ્ધની અસરોથી બંને દેશોની આર્થિક સ્થિતિ ઘણી નબળી બની હતી. આમ છતાં આ બંને દેશો લોકશાહી શાસનવ્યવસ્થા જાળવવામાં સફળ રહ્યા અને તેમણે મજબૂત લોકશાહી સામે સરમુખત્યારશાહીના અંતનું દર્શન વિશ્વને કરાવ્યું. સરમુખત્યારશાહીનો ઉદય અને અંત કેવી રીતે થયો તેની માહિતી હવે મેળવીશું.

# ઇટાલીમાં ફાસીવાદનો ઉદય : પરિબળો

**વર્સેલ્સની સંધિની અન્યાયી શરતો :** પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇટાલી ઇંગ્લૅન્ડના મિત્રરાજ્યોના પક્ષે જોડાયું હતું. યુદ્ધોત્તર સંધિ અનુસાર ઇંગ્લૅન્ડ અને ફ્રાંસને સૌથી વધારે લાભ મળ્યો. આ યુદ્ધથી ઇટાલીને ભૂમધ્ય સમુદ્ર પર વર્ચસ્વ સ્થાપવાની તકો મળશે તેવી આશા હતી જે સફળ થઈ નહિ. આમ, ઇટાલીને આર્થિક કે પ્રાદેશિક કોઈ લાભ મળ્યો નહિ. પરિણામે ઇટાલીના સૈનિકો અને પ્રજામાં ભારે અસંતોષ ફેલાયો. ઇટાલીની લોકશાહી સરકારે આ અન્યાય સામે કોઈ પગલાં ભર્યાં નહિ. આથી પ્રજા અને સૈનિકોએ ફાસીવાદને ટેકો આપ્યો.

**આર્થિક સ્થિતિ :** પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇટાલીને અઢળક ખર્ચ થયો હતો. યુદ્ધ પછી દેશની આર્થિક સ્થિતિ અત્યંત નબળી બની. વેપાર-ઉદ્યોગ ભાંગી પડ્યા હતા. બેકારોની સંખ્યા વધતી જતી હતી. ભૂખમરો વ્યાપક બન્યો હતો. સરકારે આ સ્થિતિ દૂર કરવા કોઈ પ્રયાસો કર્યા નહિ.

**રશિયાની સામ્યવાદી ક્રાંતિની અસર :** રશિયામાં ઝડપથી સામ્યવાદનો ફેલાવો થઈ રહ્યો હતો. ઇટાલીના લાખો બેકાર મજૂરો પર આ ક્રાંતિની અસર ઝડપથી થઈ. દેશની આર્થિક સ્થિતિ અને પ્રજાના અસંતોષનો લાભ લેવાની તક સામ્યવાદીઓએ ઝડપી લીધી. તેઓએ ચૂંટણીમાં ભાગ લઈ સરકાર વિરુદ્ધ દેખાવો કર્યા; બહાર રહી હડતાલ અને ભાંગફોડની પ્રવૃત્તિઓ શરૂ કરી. સરકાર તેને અટકાવવામાં નિષ્ફળ રહી.

ઇટાલીની પ્રજા બધી જ મુશ્કેલીઓનો અંત લાવવા જાગ્રત બની હતી. આ પ્રજા કોઈ એક તારણહારની શોધમાં હતી. આ સમયે પ્રજાને બેનિટો મુસોલિનીની નેતાગીરી પ્રાપ્ત થઈ. મુસોલિનીએ બહુ જ ઝડપથી સત્તા હાંસલ કરી.

**બેનિટો મુસોલિની :** મુસોલિનીનો જન્મ ઈ.સ. 1883માં ઇટાલીના રોમાનિયા ગામમાં ગરીબ લુહારને ત્યાં થયો હતો. વ્યવસાયે લુહાર એવા તેના પિતા ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા. તેની માતા શિક્ષિકા હતી. નાનપણથી જ તેનામાં ક્રાંતિકારી વિચારોનું સિંચન થયું હતું. અભ્યાસ પૂરો કર્યા પછી થોડો સમય શિક્ષક તરીકે કામ કર્યું હતું. સામ્યવાદી વિચારસરણીથી તે શરૂઆતમાં આકર્ષાયો હતો. પણ પાછળથી તેનો તે કટ્ટર વિરોધી બન્યો હતો. વિશ્વયુદ્ધ શરૂ થતાં ઇટાલીના સૈનિક તરીકે લશ્કરમાં જોડાયો હતો.

**ફાસીસ્ટ પક્ષની સ્થાપના :** વર્સેલ્સની સંધિથી ઇટાલીને થયેલા અન્યાયથી પ્રજામાં ભારોભાર અસંતોષ હતો. આ અન્યાય દૂર કરવા સરકાર નિષ્ક્રિય રહી ત્યારે મુસોલિનીએ અસંતુષ્ટ સૈનિકો, યુવાનો, ધનિકો, બેકારોનું એક જૂથ તૈયાર કર્યું. તેણે ઈ.સ. 1919માં ઇટાલીના મિલાન શહેરમાં ઉગ્ર રાષ્ટ્રવાદી 'ફાસીસ્ટ પક્ષ'ની સ્થાપના કરી. તેઓએ રોમન શહેનશાહોનું સર્વોચ્ચ સૂચક પ્રતીક – 'લાકડાની ભારી અને કુહાડી' (જેને તેઓ ફેસીસ કહેતા હતા)ને પક્ષનું પ્રતીક બનાવ્યું. ફેસીસ પરથી મુસોલિનીનો પક્ષ ફાસીવાદ કે ફાસીસ્ટ પક્ષ તરીકે ઓળખાય છે. ફાસીવાદીઓ કાળો ગણવેશ ધારણ કરતા હતા. આથી તેઓને 'કાળા ખમીસધારીઓ' કહેવામાં



આવતા હતા. પક્ષના સભ્યો પક્ષના અને રાષ્ટ્રના હિતની અવરોધક બાબતોનો નાશ કરવા કોઈ પણ ભોગે તૈયાર રહેતા હતા.

**ફાસીવાદનો વિકાસ :** ફાસીસ્ટ પક્ષમાં ધીરે ધીરે સભ્યસંખ્યા અને શાખા-સંખ્યામાં વધારો થયો. ઈ.સ. 1919 ની ચૂંટણીમાં ફાસીસ્ટ પક્ષને પરાજય મળ્યો હતો. ખુદ મુસોલિની પણ હારી ગયો હતો. આમ છતાં ઈ.સ. 1922ના મધ્યભાગ સુધીમાં ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષ સૌથી વધુ બળવાન બની ગયો હતો. આ સમયે સામ્યવાદીઓએ જંગી હડતાલ પાડી ત્યારે ફાસીસ્ટ પક્ષે સરકારને પડકાર ફેંકી કહ્યું કે, "હડતાલને કાબૂમાં લો અથવા સત્તાનાં સૂત્રો સોંપી દો." મુસોલિનીએ પક્ષના સૈનિકોને રોમ તરફ કૂચ કરવા આદેશ આપ્યો. સમય પારખીને સમ્રાટ ઇમેન્યુઅલ ત્રીજાએ મુસોલિનીએ સરકાર રચવાનું આમંત્રણ આપ્યું. ઈ.સ.1922ની ઑક્ટોબરની 30મી તારીખે મુસોલિનીએ ઇટાલીમાં પોતાના પક્ષની સરકારની રચના કરી અને સત્તાનાં સર્વસૂત્રો પોતાના હાથમાં લીધાં.

મુસોલિની માનતો હતો કે, વ્યક્તિ રાજ્ય માટે છે. રાજ્યની બહાર વ્યક્તિનું અલગ સ્વાતંત્ર્ય હોતું નથી. અહીં રાજ્યમાં જ સર્વનો સમાવેશ થાય છે. આ પક્ષ લોકશાહી અને વ્યક્તિસ્વાતંત્ર્યનો કટ્ટર વિરોધી હતો. પક્ષ એક જ વ્યક્તિના સરમુખત્યારશાસનની પ્રબળ માન્યતા ધરાવતો હોવા છતાં સામ્યવાદનો પણ વિરોધી હતો. આમ, ફાસીવાદની વિચારસરણી લોકશાહી સિદ્ધાંતોથી વિરુદ્ધ હતી.

**ફાસીવાદની આંતરિક સિદ્ધિઓ :** મુસોલિનીએ દૃઢ અને મજબૂત શાસનની સ્થાપના કરી ઇટાલીને સમૃદ્ધ અને શક્તિશાળી રાજ્ય બનાવ્યું. રાજ્યની બધી જ સંસ્થાઓ ફાસીવાદના નિયમો પ્રમાણે કામ કરતી હતી. તેણે ઘડેલી નવી આર્થિક નીતિથી ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ અને રાષ્ટ્રનો ઝડપી આર્થિક વિકાસ થયો. મજૂરોને હડતાલ પાડવાની મનાઈ હતી. સરકારે વેપાર અને ખેતીના વિકાસ માટે ઝડપી પગલાં ભર્યાં. બેકારી નિવારણ અને નિરક્ષરતા નિવારણ માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી. પરિણામે ઇટાલીમાં ઈ.સ. 1935માં માત્ર 2% લોકો જ નિરક્ષર રહ્યા હતા. સરકારે લશ્કરી સેવા ફરજિયાત બનાવી. નૌકાતાકાત વધારવામાં આવી. આમ, ઉગ્ર રાષ્ટ્રવાદને વરેલું મજબૂત લશ્કરી સંગઠન અસ્તિત્વમાં આવ્યું. મુસોલિનીએ પોપ સાથેના 60 વર્ષ જૂના સંઘર્ષનો સંધિ દ્વારા અંત લાવી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી. તેણે વેટિકનનગર ઉપર પોપની સત્તાને માન્ય રાખી હજારો કેથોલિકોને ખુશ કર્યા. આથી તેની લોકપ્રિયતામાં વધારો થયો.

## જર્મનીમાં નાઝીવાદ

પ્રથમ વિશ્વયુદ્ધના અંત ભાગમાં જર્મન સૈન્યને પરાજય મળવા લાગ્યો. જર્મનીમાં ઉદ્‌ભવેલી લોકક્રાંતિથી ગભરાયેલો સમ્રાટ કૈસર વિલિયમ ગાદીત્યાગ કરી હોલેન્ડ (નેધરલેન્ડ્ઝ) નાસી ગયો. જર્મનીના પરાજય સાથે ઈ.સ. 1918માં પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો. જર્મનીમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ. સમાજવાદી પ્રજાસત્તાક પક્ષના નેતા ફ્રેડરિક એબર્ટે પ્રધાનમંડળની રચના કરી. પરંતુ યુદ્ધોત્તર પરિસ્થિતિને પહોંચી વળવામાં આ લોકશાહી સરકાર અસમર્થ રહી અને ઝડપથી નાઝીવાદનો ઉદય થયો.

### નાઝીવાદનો ઉદય : પરિબળો

નાઝીવાદના ઉદય માટે નીચેનાં પરિબળોએ ભાગ ભજવ્યો હતો :

**વર્સેલ્સની સંધિ :** જર્મનીને પરાજય મળતાં વર્સેલ્સની સંધિ પર જર્મન પ્રતિનિધિમંડળને સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી. આ સંધિ જર્મની માટે અત્યંત અન્યાયી અને કડક હતી. સંધિ પ્રમાણે જર્મનીના સમૃદ્ધ ખનીજ વિસ્તારોના મોટા ભાગના પ્રદેશો લઈ લેવામાં આવ્યા હતા. તેના લશ્કરમાં ફરજિયાત ઘટાડો કરવામાં આવ્યો હતો. જર્મની પર આકરો યુદ્ધદંડ નાખવામાં આવ્યો હતો. આ સંધિથી સમસ્ત જર્મન પ્રજાને અન્યાય થયો હતો. સ્વમાની જર્મન યુવાનો અપમાનજનક સંધિથી ક્રોધે ભરાયા હતા. આ રાષ્ટ્રવાદી યુવાનો સંગઠિત બનતાં નાઝીવાદનો ઉદય થયો.

**સામ્યવાદનો ભય :** રશિયન સામ્યવાદી વિચારસરણીનો ફેલાવો અત્યંત ઝડપથી જર્મનીમાં થઈ રહ્યો હતો. જર્મનીના પ્રજાસત્તાક રાજ્યમાં પણ સામ્યવાદી પક્ષની શક્તિ વધી હતી. જર્મનીના ઉદ્યોગપતિઓ અને મૂડીવાદીઓને સામ્રાજ્યવાદનો મોટો ભય હતો. નાઝીપક્ષ સામ્યવાદના આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતનો વિરોધી હતો. પક્ષે જાહેર કર્યું કે, "જર્મનીમાં સામ્યવાદનો વધુ ફેલાવો થશે તો સામ્યવાદી જર્મન રશિયાનું કઠપૂતળી રાજ્ય બનશે." આ ભય સામે મૂડીવાદીઓએ નાઝીપક્ષને નાણાંની મદદ કરી અને નાઝીપક્ષનો વિકાસ થયો.

**આર્થિક સ્થિતિ :** યુદ્ધ પછીની જર્મનીની આર્થિક સ્થિતિને નાઝીવાદના ઉદયનું સૌથી મહત્ત્વનું કારણ ગણવામાં આવે છે. જર્મની પર 6 અબજ 60 કરોડ પાઉન્ડનો જંગી યુદ્ધદંડ લાદવામાં આવ્યો હતો. દંડ ન ભરાય ત્યાં સુધી ખનીજસંપત્તિનો સમૃદ્ધ રુહરપ્રદેશ ફ્રાંસના કબજામાં રહેવાનો હતો. ખર્ચાળ યુદ્ધથી જર્મનીની આર્થિક સ્થિતિ વધારે નબળી બની હતી. વેપાર-ઉદ્યોગ-ધંધા પડી ભાંગ્યા હતા. અંદાજપત્રો ખાધવાળાં બનાવવામાં આવ્યાં. નાણાકીય ફુગાવાને કારણે ચલણની કિંમત તદ્દન ઘટી ગઈ. દેશ દેવાળિયા સ્થિતિમાં આવી ગયો. આ સ્થિતિમાં મિત્ર રાજ્યોએ અને ખાસ કરીને અમેરિકાએ જર્મનીને આર્થિક મદદ કરી. જર્મનીએ આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરી. પરંતુ કમનસીબે ઈ.સ. 1929-30ની વિશ્વવ્યાપી મંદીએ જર્મનીની આર્થિક સ્થિતિ પર ઘેરી અસર કરી. વિદેશોની આર્થિક મદદ બંધ થઈ. ઉદ્યોગો અને કારખાનાં બંધ થવા લાગ્યાં. ઈ.સ. 1932 સુધીમાં બેકારોની સંખ્યા 60 લાખ સુધી પહોંચી. નાઝીપક્ષે પ્રજામાં વ્યાપેલા આર્થિક અસંતોષનો લાભ ઉઠાવ્યો. કુશળ પ્રચાર દ્વારા પ્રજાની સહાનુભૂતિ નાઝીપક્ષે મેળવી.



**વાઈમાર પ્રજાસત્તાકની નિષ્ફળતા :** યુદ્ધના અંતે ઉદ્‌ભવેલા અનેક પ્રશ્નોનું નિરાકરણ નવું વાઈમાર પ્રજાસત્તાક રાજ્ય લાવી શક્યું નહિ. અપમાનજનક સંધિથી જર્મન પ્રજા નાખુશ હતી. સામ્યવાદનો ભય ચોતરફ ફેલાયેલો હતો. આર્થિક કટોકટીને હલ કરવામાં પ્રજાસત્તાક રાજ્ય નિષ્ફળ રહ્યું. પ્રજા શક્તિશાળી અને શીઘ્ર નિર્ણય લેનારી સરકાર ઇચ્છતી હતી. પરિણામે, પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવામાં નાઝીપક્ષને સફળતા મળી.

**હિટલરનું વ્યક્તિત્વ :** નાઝીપક્ષના ઉદયમાં હિટલરનું વ્યક્તિત્વ સહાયક બન્યું. તેનું ભાષણ લોકો પર જાદુઈ અસર કરતું હતું. તેની ભાવનાસભર વાણીને કારણે પ્રજાને પોતાની યાતનાઓનો હિટલર તારણહાર જણાયો. આર્થિક બેહાલી અને રાષ્ટ્રીય અપમાનોથી તંગ થયેલી પ્રજાએ નાઝીપક્ષના કાર્યક્રમને સ્વીકારી લીધો

**એડોલ્ફ હિટલર :** નાઝીપક્ષના નેતા તરીકે હિટલર આવ્યો તે પહેલાં તે માત્ર સામાન્ય સૈનિક હતો. તેનો જન્મ ઈ.સ. 1889ની 20મી એપ્રિલે ઓસ્ટ્રિયાના એક ગામડામાં સામાન્ય કુટુંબમાં થયો હતો. ગરીબીને કારણે તે પૂરું શિક્ષણ મેળવી શક્યો ન હતો. આજીવિકાની શોધમાં તે વિયેના આવ્યો. અહીં તેણે કોન્ટ્રાક્ટરને ત્યાં નોકરી કરી. આ નોકરી છોડી તે મ્યુનિચ આવ્યો. અહીં તે ચિત્રો બનાવી જીવન ગુજારવા લાગ્યો. મ્યુનિચમાં જર્મન સંસ્કૃતિની ગાઢ અસર તેના મન પર થઈ. જન્મે ઓસ્ટ્રિયન હોવા છતાં જર્મન રાષ્ટ્ર અને જર્મન રાષ્ટ્રીયતાનો તે પૂજારી બન્યો. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં તે લશ્કરમાં જોડાયો હતો. જર્મનીને મળેલા પરાજય માટે તે જર્મન નેતા અને યહૂદી પ્રજાને જવાબદાર ગણતો હતો. જર્મન રાષ્ટ્રનું ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવાના નિશ્ચય સાથે તેણે રાજકારણમાં પ્રવેશ કર્યો.

### નાઝીપક્ષની સ્થાપના

હિટલરે અસંતુષ્ટ સૈનિકોનું જૂથ રચી 'રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદારોનો પક્ષ' – નાઝીપક્ષની સ્થાપના કરી. મ્યુનિચમાં ઈ.સ. 1920માં યોજાયેલી નાઝીપક્ષની સભામાં હિટલરે 25 મુદ્દાનો કાર્યક્રમ રજૂ કર્યો. જેમાં વર્સેલ્સની અન્યાયી સંધિને ફગાવી દેવાનો, ગુમાવેલા પ્રદેશો પાછા મેળવવાનો, શસ્ત્ર-સામગ્રીમાં વધારો કરવાનો તથા મજૂરો અને મધ્યમવર્ગને આર્થિક સુધારા આપવાનો મુખ્ય કાર્યક્રમ હતો. હિટલરે વર્સેલ્સ સંધિની કડક ટીકાઓ કરી. આથી સરકારે તેની ધરપકડ કરી જેલવાસની સજા આપી. જેલવાસ દરમિયાન તેણે 'મારો સંઘર્ષ' (Mein Kampf) પુસ્તક લખ્યું. જેલમાંથી બહાર આવતાં આ પુસ્તકના વિચારોએ નાઝીપક્ષની લોકપ્રિયતામાં વધારો કર્યો. દેશભરમાં નાઝીપક્ષની અનેક શાખાઓ શરૂ થઈ. પક્ષના સભ્યો ભૂરા રંગનો લશ્કરી પોશાક પહેરતા હતા અને ખભાપર લાલરંગની પટ્ટી રાખી સ્વસ્તિકનું ચિહ્ન (આર્યત્વનું પ્રતીક) મૂકતા હતા. નાઝીનેતાના અંગરક્ષકો કાળો પોશાક પહેરતા અને તેના પર ખોપરીનું ચિહ્ન રાખતા હતા. તેઓ નાઝીપક્ષના વિરોધીઓને ખત્મ કરવા હંમેશાં તૈયાર રહેતાં હતા.

**હિટલર સર્વસત્તાધિશ :** નાઝીપક્ષ વારંવાર પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યો હતો. વિશ્વવ્યાપી મંદીની અસરમાંથી જર્મન પ્રજાને બચાવવા નાઝીપક્ષે દરેક વ્યક્તિને કામ તથા રોટી આપવાનું વચન આપ્યું. ઈ.સ. 1930 અને 1932ની સામાન્ય ચૂંટણીમાં નાઝીપક્ષ દેશમાં બળવાન પક્ષ તરીકે બહાર આવ્યો. બીજા વર્ષે મિશ્ર સરકારની રચના થતાં હિટલર વડોપ્રધાન બન્યો હતો. ઈ.સ. 1934માં રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થયું. આ સમયે હિટલરે રાષ્ટ્રપતિની ચૂંટણી કરવાને બદલે પોતે જ રાષ્ટ્રપતિપદ ધારણ કર્યું. આ સાથે જ જર્મન પ્રજાસત્તાક રાજ્યનો અંત આવ્યો અને એક વ્યક્તિના સરમુખત્યારશાહી રાજ્યની શરૂઆત થઈ.

સત્તા પર આવતાં હિટલરે 'એક પક્ષ, એક પ્રજા અને એક નેતા'નો નાઝીપક્ષનો આદર્શ અપનાવ્યો હતો. નાઝીપક્ષમાં સરમુખત્યારને 'અમાપ - સંપૂર્ણ અને સર્વોપરી' સત્તા સોંપવામાં આવી હતી. સરમુખત્યારને તેઓ 'ફ્યુહરર' તરીકે ઓળખાવે છે. ફ્યુહરરની ઇચ્છા એ જ કાયદો અને ન્યાય હતાં. નાગરિકોના મૂળભૂત અધિકારો પર અંકુશ મૂકવામાં આવ્યા. હિટલરે ભારપૂર્વક જાહેર કર્યું હતું કે, " વિશ્વમાં જર્મન પ્રજા જ શુદ્ધ આર્ય પ્રજા છે અને તે વિશ્વ પર રાજ્ય કરવાને સર્જાઈ છે." જર્મન લોકો નાઝીવાદના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે તે માટે તેનો સમાવેશ અભ્યાસક્રમમાં કરવામાં આવ્યો. પાઠ્યપુસ્તકોમાં 'હિટલર અમારો નેતા છે, અમે તેને ચાહીએ છીએ' તેવું જણાવવામાં આવતું હતું. તેણે ગેસ ચેમ્બરમાં ગુંગળાવીને 60 લાખ જેટલા યહુદીઓની હત્યાનું ક્રુર અને અમાનવીય કૃત્ય કર્યું. જર્મનીના આ નેતાએ 'જયાં જયાં જર્મન ત્યાં ત્યાં જર્મની' એ સૂત્ર અપનાવી તેણે બીજા વિશ્વયુદ્ધના બીજ રોપ્યાં.

**નાઝીવાદની આંતરિક સિદ્ધિઓ :** ટૂંક સમયમાં જ મજબૂત સંગઠન સ્થાપી જર્મન શાસનને સન્માન અપાવ્યું. તેમણે વિશાળ જર્મન રાષ્ટ્રનું સર્જન કર્યું. યહૂદી પ્રજા પ્રત્યે વિરોધી નીતિ અપનાવી જર્મન પ્રજાની સર્વોપરિતાની તરફેણ કરી. નવી આર્થિક નીતિ અપનાવી જર્મનીને આર્થિક રીતે સમૃદ્ધ બનાવ્યું. તેણે બેકારી નિવારણના પ્રયત્નો શરૂ કર્યા. જાહેર મકાનો, સિંચાઈ, રેલવે, રસ્તા અને યુદ્ધ-સામગ્રીના ઉત્પાદનનું કામ શરૂ કરાવ્યું. એક દાયકામાં જર્મનીને સ્વાવલંબી બનાવવા અથાક પ્રયત્નો કર્યા. હિટલરે વર્સેલ્સની સંધિને "કાગળનું ચીથરૂં " કહી ફગાવી દીધી અને યુદ્ધદંડ ભરવાનું બંધ કર્યું. તેણે સામાન્ય પ્રજામાં પ્રબળ સાહસનો જુસ્સો પ્રગટાવ્યો. પરંતુ એમ કરવા જતાં અનાયાશે જ તેણે ઉગ્ર રાષ્ટ્રવાદનું ધીમું ઝેર પ્રજાનાં માનસમાં નાંખ્યું જે બીજા વિશ્વયુદ્ધનું કારણ બન્યું.

## જાપાનનો પશ્ચિમી સંપર્ક

ઈ.સ. 1853 સુધી જાપાન જગતથી અલગ હતું. જાપાનનો દુનિયાના કોઈ દેશ સાથે સંપર્ક ન હતો. ઈ.સ. 1853માં અમેરિકન નૌકા સેનાપતિ કોનોડોર-પેરી વેપારી સંબંધ સ્થાપવા જાપાન આવ્યો. તેની લશ્કરી તાકાત જોઈ જાપાને સૌ પ્રથમ અમેરિકા સાથે વેપારી સંધિ કરી. ત્યાર પછી ઇંગ્લેન્ડ, રશિયા અને હોલેન્ડ સાથે સંધિ કરી. આ પરિસ્થિતિથી જાપાનમાં વેપાર-ઉદ્યોગોનો વિકાસ થયો. ઔદ્યોગિક વિકાસ સાથે જાપાને જગતમાં આગળ વધવા નજર દોડાવી.



**લશ્કરવાદ :** યુરોપમાં ઇટાલી અને જર્મનીની સરમુખત્યારશાહીએ વિસ્તારવાદની નીતિ અપનાવી હતી. આ સમયે જાપાન પણ વિસ્તારવાદના માર્ગે આગળ વધ્યું. જાપાને પોતાની લશ્કરી તાકાત વધુ મજબૂત બનાવી હતી. લશ્કરી તાકાતમાં વધારો કરવામાં આવ્યો હતો. પાયદળ અને નૌકાદળને અદ્યતન બનાવ્યું હતું. આ સમયે નૌકાદળમાં જાપાને, ઇંગ્લેન્ડ અને અમેરિકા પછી ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. શસ્ત્ર-સામગ્રીના ઉત્પાદન માટે અનેક કારખાનાં અને ઉદ્યોગો સ્થાપવામાં આવ્યાં હતાં. જાપાનના રાજકારણમાં લશ્કરી અધિકારીઓએ મહત્ત્વના હોદ્દા પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર રાજકારણમાં લશ્કરને પાયાનું સ્થાન મળ્યું હતું. પ્રજા પણ લશ્કર પ્રત્યે પૂરા આદર અને માનની નજરે જોવા લાગી હતી. પ્રચંડ લશ્કરી તાકાત કેળવી જાપાને જગત પર પોતાનો પ્રભાવ વધાર્યો.

ઈ.સ. 1905માં જાપાને મહાકાય રશિયાને પરાજય આપ્યો. યુરોપીય દેશો અને સમગ્ર એશિયા પર આ યુદ્ધના પરિણામની જબરજસ્ત અસર પડી. જાપાને એ સાબિત કરી બતાવ્યું કે જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રે આગળ વધી પ્રજા પોતે જ સમૃદ્ધ અને શક્તિશાળી બની શકે છે. ઈ.સ. 1914ના પ્રથમ વિશ્વયુદ્ધ સમયે જાપાનના વડાપ્રધાન ઓદુમાએ વિસ્તારવાદની નીતિ અપનાવી. પ્રથમ વિશ્વયુદ્ધમાં જાપાન મિત્રરાષ્ટ્રોના પક્ષે જોડાયું. યુદ્ધ દરમિયાન જાપાને ઘણાબધા વિસ્તારો પર પોતાનો અધિકાર જમાવ્યો હતો. પરંતુ વર્સેલ્સની સંધિ અનુસાર તેને આ વિસ્તારો ગુમાવવા પડયા. પરિણામે જાપાનના લશ્કરી માણસોમાં સંધિ પ્રત્યે તીવ્ર અસંતોષની લાગણી જન્મી. જાપાને લશ્કરી તાકાતને વધારે મજબૂત બનાવી અને નવા પ્રદેશો પ્રાપ્ત કરવા ફરી પ્રયત્નો શરૂ કર્યા. થોડા સમય પછી ઈ. સ. 1927માં વડાપ્રધાન બેરન તનાકાએ વિસ્તારવાદી એક યોજના તૈયાર કરી અને તેને અમલમાં મૂકી હતી.

## સંયુક્ત રાજ્ય અમેરિકાની પ્રગતિ

આ સમયે વિશ્વમાં મહત્ત્વની ઘટના એ બની કે વિશ્વ પર યુરોપનો પ્રભાવ ઘટવા લાગ્યો અને અમેરિકાનો પ્રભાવ વધવા લાગ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા પછી અમેરિકા આર્થિક અને લશ્કરી દૃષ્ટિએ મજબૂત બન્યું હતું. યુદ્ધોત્તર સંધિ તૈયાર કરવામાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. યુરોપીય દેશોમાં યુદ્ધની વિપરીત અસરોથી આર્થિક સ્થિતિ ઘણી જ નબળી બની. જ્યારે આ સમયમાં અમેરિકા આર્થિક દૃષ્ટિએ સમૃદ્ધ બન્યું. દસ વર્ષનો સમય જતાં પરિસ્થિતિમાં પરિવર્તન થયું. ઈ.સ. 1929-30માં આર્થિક મંદીનો ઉદ્ભવ અમેરિકામાં થયો જે બહુ ઝડપથી વિશ્વવ્યાપી બની. અમેરિકામાં ઉદ્યોગ-ધંધા બંધ થયા અને હજારો મજૂરો બેરોજગાર બન્યા. આર્થિક મંદીની અમેરિકન અર્થવ્યવસ્થા પર ખૂબ ખરાબ અસર થઈ. ઈ.સ. 1933માં ચૂંટાયેલા અમેરિકન રાષ્ટ્રપતિ ફ્રેંકલિન ડી. રુઝવેલ્ટે આર્થિક સ્થિતિ સુધારવા વિશેષ પ્રયાસો કર્યા. તેમના પ્રયત્નોથી અર્થવ્યવસ્થા સ્થિર બની. પરિણામે અમેરિકાએ વિશ્વમાં એક શક્તિશાળી રાજ્ય તરીકે પોતાનું સ્થાન ટકાવી રાખ્યું.

## એશિયા અને આફ્રિકામાં રાષ્ટ્રવાદનો ઉદય

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે એશિયા અને આફ્રિકામાં સ્વાતંત્ર્યની ચળવળ માટે લોકજાગૃતિ આવી હતી. એશિયા-આફ્રિકાના દેશોએ યુદ્ધમાં મિત્રરાષ્ટ્રોને સહકાર આપ્યો હતો. આ કાર્યના બદલામાં તેઓને આશા હતી કે યુદ્ધ પછી તેમના દેશોને સ્વતંત્રતા મળશે અથવા વધારેમાં વધારે અધિકારો મળશે. પરંતુ યુદ્ધ પછી ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં સંસ્થાનો માટેની નીતિમાં કોઈ પરિવર્તન થયું નહિ. પરિણામે એશિયા-આફ્રિકાના દેશોએ સ્વાતંત્ર્ય ચળવળને વધારે ઉગ્ર બનાવી. સ્વાતંત્ર્યની ચળવળને ઝડપથી સફળતા મળી નહિ. પણ ઉગ્ર ચળવળને કારણે સામ્રાજ્યવાદનું વર્ચસ્વ ધીરેધીરે ઘટવા લાગ્યું. બીજા વિશ્વયુદ્ધ પછીના સમયમાં આ દેશો પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં સફળ બન્યા.

એશિયાના કેટલાક દેશો પર ઇંગ્લૅન્ડની સત્તા હતી જ્યારે કેટલાક દેશો પર ફ્રાંસની સત્તા હતી. આપણા દેશ પર ઇંગ્લૅન્ડ આધિપત્ય ભોગવતું હતું. આ સમયે આપણા દેશમાં પણ રાષ્ટ્રપિતા ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય આંદોલનોની શરૂઆત થઈ હતી.

ચીનમાં પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્વે ઈ.સ. 1911માં ક્રાંતિ થઈ હતી. અહીં પ્રજાસત્તાક તંત્રની સ્થાપના થઈ હતી. ચીનની આ ક્રાંતિ વિદેશી સત્તાઓને ચીનથી દૂર રાખવા અને દેશની એકતા માટે થઈ હતી. રાષ્ટ્રવાદી ભાવના પ્રમાણે પ્રજાસત્તાકતંત્ર આખા ચીન પર પોતાની સત્તા સ્થાપિત ન કરી શક્યું. લાંબા સંઘર્ષના અંતે સામ્યવાદી સરકારની રચના થઈ.

ભારતના પડોશી દેશ અફઘાનિસ્તાને ઇંગ્લૅન્ડ વિરુદ્ધ સશસ્ત્ર લડાઈ લડી સ્વતંત્રતા મેળવી. ઈરાનમાં રશિયા અને ઇંગ્લૅન્ડ બંનેનું વર્ચસ્વ હતું. પણ રશિયાએ રશિયન ક્રાંતિ પછી ઈરાનમાંથી સૈનિકો પાછા ખેંચી લીધા. આથી ઈરાનમાં ઇંગ્લૅન્ડ વિરુદ્ધ સંઘર્ષ શરૂ થયો. આખરે ઈ.સ. 1925માં ઈરાનને સ્વતંત્રતા મળી. આરબ દેશો પાસે રહેલા ખનીજતેલના ભંડારને કારણે ઇંગ્લૅન્ડ અને ફ્રાંસે તેના પર નિયંત્રણ રાખ્યું હતું.

આફ્રિકામાં રાષ્ટ્રીય જાગૃતિની શરૂઆત થઈ હતી. આ સમયે વિવિધ સંગઠનો રચાયાં હતાં. સૌ પ્રથમ દક્ષિણ આફ્રિકામાં ઈ.સ. 1912માં રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ હતી. એશિયા અને આફ્રિકામાં રાષ્ટ્રીય જાગૃતિનો ઉદ્ભવ એ આ સમયની મહત્ત્વની ઘટના હતી. લાંબા સમય સુધી ગુલામીમાં રહેલી પ્રજા પોતાના અધિકારો માટે જાગ્રત બની ચૂકી હતી.

## સામ્રાજ્ય વિસ્તારના પ્રયાસો

ઈ.સ. 1930 પછી સામ્રાજ્ય વિસ્તાર માટે સક્રિય પ્રયાસો શરૂ થયાં. ઇટાલી અને જર્મનીના સરમુખત્યારો પ્રદેશની લાલસા ધરાવતા હતા. જ્યારે જાપાન પણ સામ્રાજ્યવાદ માટે તૈયાર થયું હતું. ત્રણે દેશોએ પોતપોતાની રીતે પ્રદેશો મેળવવા પ્રયાસો કર્યા. આ ત્રણે દેશોએ સામ્યવાદ વિરોધી સંગઠન રચ્યું હતું. આક્રમણની શરૂઆત થતાં વિશ્વના નેતાઓએ સામૂહિક રીતે તેનો પ્રતિકાર કરવાનું વિચાર્યું હતું. પણ સામ્યવાદ અને લોકશાહી વિચારસરણીની અલગતાને કારણે આ શક્ય બની શક્યું નહિ. શરૂઆત જાપાને કરી.

જાપાને વિશ્વયુદ્ધ પહેલાં કેટલાક વિસ્તારો પ્રાપ્ત કર્યા હતા. જાપાનને ચીનમાં આવેલ



મંચૂરિયાનો પ્રદેશ પોતાના ઔદ્યોગિક વિકાસ માટે વિશેષ અનુકૂળ હતો. આ પ્રદેશ ખનીજસંપત્તિથી સમૃદ્ધ હતો. જાપાને મંચૂરિયામાં રેલવે માટે 'દક્ષિણ મંચૂરિયા રેલવે કંપની'ની સ્થાપના કરી રેલવેના વહીવટ સાથે પોતાની સત્તા જમાવવા તેણે પૂરી કોશિશ કરી. ઈ.સ. 1931માં આ પ્રદેશનો વધારે લાભ લેવા તેણે આક્રમણ કર્યું. ટૂંક સમયમાં આ પ્રદેશનો સંપૂર્ણ કબજો મેળવ્યો. ત્યાર બાદ ચીનના અન્ય પ્રદેશો મેળવવા આક્રમક પગલાં ભર્યાં. આ સમયે અમેરિકા, ઇંગ્લૅન્ડ અને ફ્રાંસે જાપાનનો વિરોધ કર્યો ન હતો. તેઓ ચીન અને રશિયા નબળું બને તેમ ઇચ્છતા હતા. ઇંગ્લૅન્ડનું માનવું હતું કે ચીન, રશિયા સાથે જાપાન સંઘર્ષમાં રહે તો ઇંગ્લૅન્ડને પોતાના એશિયાઈ સામ્રાજ્ય પર જાપાનનો ભય ન રહે.

ઇટાલીમાં મુસોલિનીએ પ્રદેશો જીતી જોડી દઈ સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. તેણે આક્રમણ કરી ગ્રીસના રૂહોડઝ નામના ટાપુનો કબજો મેળવ્યો. ત્યાર બાદ યુગોસ્લાવિયા સાથે કરાર કરી 'ફ્યુમ' બંદર મેળવ્યું. તેણે ઈ.સ. 1935માં પૂર્વ આફ્રિકામાં આવેલા એબિસિનિયા (ઇથોપિયા)ને પ્રાપ્ત કરવા યુદ્ધ જાહેર કર્યું. એક વર્ષના અંતે આ પ્રદેશ પર તેણે કબજો મેળવ્યો. આ પછી તેણે એડ્રિયાટિક સમુદ્રકિનારે આવેલા આલ્બેનિયાના નાનકડા રાજ્યને આર્થિક મદદ કરી દેવાદાર બનાવ્યું. થોડા સમય પછી તેણે તેનો કબજો મેળવી લીધો. આમ, ભૂમધ્ય સમુદ્ર વિસ્તારમાં તેણે પોતાનું સ્થાન મજબૂત બનાવી લીધું.

સ્પેનમાં ઈ.સ. 1931માં પ્રજાસત્તાક તંત્રની રચના થઈ હતી. અહીં ઇટાલી અને જર્મની બંને વધારે નજીક આવ્યા. અહીં સરમુખત્યાર વિરોધી પક્ષોએ સંગઠન રચ્યું અને સરકારની રચના કરી. સરમુખત્યારશાહી બળોને ઇટાલી અને જર્મનીએ ટેકો આપ્યો. બ્રિટન અને ફ્રાંસે લોકશાહી બળોને મદદ કરી ન હતી છતાં પણ વિશ્વમાંથી લોકશાહી બળોને ખૂબ જ સારું સમર્થન મળ્યું. જોકે સરમુખત્યારશાહીએ પ્રજાસત્તાક તંત્રને દૂર કરવામાં સફળતા મેળવી તોપણ વિશ્વભરની પ્રજાએ સ્પેનની લોકશાહીને જીવંત રાખવા પ્રયાસો કર્યા હતા.

જર્મનીમાં હિટલરે વિશાળ જર્મન રાષ્ટ્રના સર્જન માટે ઉગ્ર આક્રમક નીતિ અપનાવી. સૌપ્રથમ હિટલરે પોતાની માતૃભૂમિ ઑસ્ટ્રિયા માટે પ્રયાસ કર્યો. ઑસ્ટ્રિયામાં જર્મનીની વસ્તી વધારે હતી. નાઝીપક્ષની વિચારસરણીનો અહીં વ્યાપક પ્રસાર થયો હતો. હિટલરે ઇટાલી સાથે સંધિ કરી ઈ.સ. 1938માં બળપૂર્વક આ દેશનો કબજો મેળવી લીધો.

જર્મનીના ઉદ્યોગના વિકાસ માટે ઝેકોસ્લોવેકિયાનો સુડેટનલૅન્ડ નામનો પ્રદેશ વધારે મહત્ત્વનો હતો. અહીં જર્મન પ્રજાની વસ્તી વધારે હોવાથી આ પ્રદેશ માટે હિટલરે પોતાનો દાવો રજૂ કર્યો. આથી બ્રિટન અને ફ્રાંસના વડાપ્રધાન હિટલર અને મુસોલિનીને મ્યુનિચ ખાતે મળ્યા. તેઓએ ઝેકોસ્લોવેકિયાની સંમતિ વિના જ હિટલરની શરતો સ્વીકારી લીધી. આ સમજૂતીને મ્યુનિચ સમજૂતી તરીકે ઓળખવામાં આવે છે. થોડા સમય પછી તેણે સમગ્ર ઝેકોસ્લોવેકિયાનો પ્રદેશ જીતી લીધો.

વિસ્તારવાદની નીતિ સામે લોકશાહી દેશો સરમુખત્યારશાહી બળોને આગળ વધતાં અટકાવવા ઇચ્છતાં હતાં. રશિયાએ આ માટે પહેલેથી મજબૂત સંગઠનની તરફેણ કરી હતી. પણ ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ સરમુખત્યારશાહી બળોને રશિયાના સામ્યવાદ સામે સંઘર્ષમાં લાવવાં

ઇચ્છતા હતા. મ્યુનિચ સમજૂતીએ સ્પષ્ટ કર્યું કે બ્રિટન અને ફ્રાંસ સામ્યવાદ સામે જર્મનીને અનુકૂળ નીતિ અપનાવી રહ્યા હતા. આ સ્થિતિમાં રશિયાએ જર્મની જોડે બિન આક્રમણની સંધિ કરી. જર્મનીએ બાલ્ટિક સમુદ્રકિનારે આવેલા પોલૅન્ડના ડાન્ઝિગ બંદરનો કબજો મેળવવા આક્રમણ કર્યું. આથી ઇંગ્લૅન્ડ અને ફ્રાંસે પોલૅન્ડની સ્વતંત્રતા જાળવવા હાકલ કરી અને બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું.

**સરમુખત્યારશાહીનો અંત :** હિટલર અને મુસોલિનીએ વિસ્તારવાદની લાલસામાં આક્રમક નીતિ અપનાવી. આથી બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. શરૂઆતમાં સરમુખત્યારોએ વિજયો મેળવ્યા પણ અંતે તેઓની હાર થઈ. મુસોલિનીને કેદ કરી ગોળીએ દેવામાં આવ્યો. જ્યારે હિટલરે આત્મહત્યા કરી હોવાનું માનવામાં આવે છે. આમ, જેટલી ઝડપથી ફાસીવાદ અને નાઝીવાદનો વિકાસ થયો હતો તેના કરતાં વધારે ઝડપથી કરુણ અંત આવ્યો.

## રાષ્ટ્રસંઘની નિષ્ક્રિયતા

ઈ.સ. 1919ની વર્સેલ્સની સંધિમાં કરેલ જોગવાઈ પ્રમાણે ઈ.સ. 1920માં રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી હતી. રાષ્ટ્રસંઘનો મુખ્ય ઉદ્દેશ દરેક રાષ્ટ્રની પ્રાદેશિક અખંડિતતા જાળવવાનો હતો. આમ છતાં મહાસત્તાઓના સ્વાર્થી હિતને કારણે રાષ્ટ્રસંઘની કામગીરી નબળી રહી. રાષ્ટ્રસંઘના સભ્ય દેશો શક્તિશાળી હતા. પરંતુ વિશ્વશાંતિ જળવાઈ રહે તે માટે પૂરતો સહકાર ન આપી શક્યા અને અન્ય પાસેથી ન મેળવી શક્યા. વિશ્વમાં બનેલા કેટલાક પ્રસંગોએ અસરકારક પગલાં ભરવામાં રાષ્ટ્રસંઘ નિષ્ક્રિય રહ્યો. રાષ્ટ્રસંઘની નિષ્ક્રિયતા નીચેના પ્રસંગોમાં આપણને જણાય છે :

ચીને રાષ્ટ્રસંઘને જાપાની આક્રમણને હટાવવા વિનંતી કરી. રાષ્ટ્રસંઘની કારોબારીએ જાપાનને લશ્કરો હટાવી લેવા આદેશ આપતો ઠરાવ રજૂ કર્યો ત્યારે જાપાને કાયમી સભ્યને મળેલી 'વીટો'ની સત્તા વાપરી ઠરાવ નામંજૂર કરાવ્યો. રાષ્ટ્રસંઘે જાપાનને દોષિત ઠરાવ્યું ત્યારે જાપાને ઈ.સ. 1933માં રાષ્ટ્રસંઘના સભ્યપદનો ત્યાગ કર્યો. આમ, રાષ્ટ્રસંઘને પહેલી નિષ્ફળતા મળી.

ઇટાલી અને એબિસિનિયા (ઇથોપિયા) બંને રાષ્ટ્રસંઘના સભ્ય હતા. જ્યારે ઇટાલીએ આક્રમણ કર્યું ત્યારે એબિસિનિયાએ રાષ્ટ્રસંઘ સમક્ષ ફરિયાદ કરી. ફ્રાંસ જર્મની વિરુદ્ધ ઇટાલીને પોતાના પક્ષે રાખવા ઇચ્છતું હતું. આથી તેણે રાષ્ટ્રસંઘની કાર્યવાહી ધીમી બનાવી. સમગ્ર પ્રદેશ મેળવવાની લાલસામાં ઇટાલીએ આક્રમણ ચાલુ રાખ્યું. સમય જતાં રાષ્ટ્રસંઘે સર્વાનુમતે ઇટાલીને 'આક્રમણખોર' જાહેર કર્યું. ઇટાલીએ તેની પરવા ન કરી. સમગ્ર પ્રદેશનો કબજો મેળવ્યો અને બીજા વર્ષે તેણે પણ જાપાનના પગલે સભ્યપદનો ત્યાગ કર્યો. આ બનાવમાં પણ રાષ્ટ્રસંઘ અસરકારક કામગીરી કરી શક્યું નહિ. રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠાને ભારે ધક્કો પહોંચ્યો.

જર્મનીએ રાષ્ટ્રસંઘનું અસ્તિત્વ હોવા છતાં અનેક આક્રમણકારી પગલાં ભર્યાં હતાં. તેણે ઑસ્ટ્રિયા અને ઝેકોસ્લાવેકિયાના પ્રદેશો કબજે કર્યા હતા. તેણે યુદ્ધના દંડના હપતા ભરવાનું બંધ કર્યું અને સજ્જ લશ્કરને પુનઃ શસ્ત્રસજ્જ કર્યું. આ બધા જ પ્રસંગોએ રાષ્ટ્રસંઘ નિષ્ક્રિય રહ્યો.



રાષ્ટ્રસંઘની સ્થાપનામાં અમેરિકાએ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આમ છતાં અમેરિકા રાષ્ટ્રસંઘમાં જોડાયું ન હતું. આથી વિશ્વશાંતિ જાળવવામાં અમેરિકા અવરોધક બનતું હોવા છતાં તેને અટકાવવામાં રાષ્ટ્રસંઘ નિષ્ક્રિય રહ્યો. આ ઉપરાંત શસ્ત્રસ્પર્ધા, જૂથબંધી અને સંકુચિત ભાવના દૂર કરવામાં પણ તે નિષ્ક્રિય રહ્યો. રાષ્ટ્રસંઘની નિષ્ક્રિયતામાં વિશ્વસત્તાનાં સ્વાર્થી હિતો અને જૂથબંધી પૂરેપૂરા જવાબદાર જણાયાં છે.

## સ્વાધ્યાય

**1.** નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. નાઝીવાદની મુખ્ય વિશેષતાઓ જણાવો.
2. પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપનું રાજકીય પરિવર્તન સમજાવો.
3. ઇટાલીમાં ફાસીવાદના ઉદયનાં પરિબળોની ચર્ચા કરો.
4. ફાસીવાદની વિચારસરણીની વિશેષતાઓ જણાવો.
5. ફાસીવાદ અને નાઝીવાદની આંતરિક સિદ્ધિઓની તુલના કરો.
6. નાઝીવાદના ઉદયનાં પરિબળો દર્શાવો.
7. ઇટાલી અને જર્મનીની સામ્રાજ્યવાદી નીતિ સમજાવો.
8. રાષ્ટ્રસંઘ ક્યાક્યા પ્રસંગોએ નિષ્ક્રિય રહ્યો ? શા માટે ?

**2.** ઐતિહાસિક કારણો જણાવો :

1. જર્મનીમાં સંકુચિત રાષ્ટ્રવાદ ઉદ્ભવ્યો.
2. હિટલરે જર્મનીને સ્વાવલંબી બનાવવા પ્રયાસ કર્યો.
3. જાપાને લશ્કરવાદ અપનાવ્યો.
4. આર્થિક મંદીએ અમેરિકાની અર્થવ્યવસ્થા નબળી પાડી.
5. જાપાને મંચૂરિયા પર આક્રમણ કર્યું.
6. એશિયામાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે જાગૃતિ આવી.

**3.** ટૂંક નોંધ લખો :

(1) ફાસીવાદના ઉદયમાં મુસોલિનીનો ફાળો (2) નાઝીવાદના ઉત્થાનમાં હિટલરનો ફાળો
(3) નાઝીપક્ષના સભ્યની વિશેષતાઓ (4) મ્યુનિચ સમજૂતી

## પ્રવૃત્તિ

(1) આ પાઠમાં આવેલા ઐતિહાસિક બનાવોની યાદી તૈયાર કરો અને તેને સમય રેખા પર દર્શાવો. (2) તમારા પુસ્તકાલયમાંથી મુસોલિની અને હિટલર અંગે વિશેષ માહિતી મેળવો. (3) 'લોકશાહી વિચારસરણી અને સામ્યવાદી વિચારસરણી' આ વિષય પર ચર્ચાસભાનું આયોજન કરો.